તા. ૧૫-૭-૧૯. સોમવાર નોબત (૫૯)

### મોદી સરકારના બજેટ પર વિશ્લેષણ માટે જામનગરમાં યોજાયો સેમિનારઃ માર્ગદર્શન અપાયું

# વ્યાપાર-ઉદ્યોગના વિકાસ અને નિમ્ન-મધ્યમ ઉદ્યોગોને વધુ પ્રાધાન્યની જરૂરઃ વક્તાઓ




જામનગર તા. ૧૫: ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, જામનગર બ્રાન્ચ ઓફ ડબલ્યુઆઈઆરસી ઓફ આઈસીએઆઈ, ધી કોમર્શિયલ ટેક્સ પ્રેક્ટીશનર્સ એસો., જામનગર તથા ઈન્કમટેક્સ પ્રેક્ટીશનર્સ એસો., જામનગરના સંયુક્ત ઉપક્રમે કેન્દ્રિય યુનિયન બજેટ ૨૦૧૯-૨૦ ઉપર પોસ્ટ બજેટ વિશ્લેષણ અંગે એક માર્ગદર્શક સેમિનાર તા. ૮.૭.૨૦૧૯ ના જામનગર ચેમ્બરમાં યોજવામાં આવ્યો હતો. આ સેમિનારમાં સંસ્થાના પ્રમુખ બિપેન્દ્રસિંહ સી. જાડેજાએ સ્વાગત કરતા જણાવેલ કે, જામનગર ચેમ્બર તથા સાથી એસો. સાથે મળી સભ્યશ્રીઓને માર્ગદર્શન મળી રહે તે માટે કેન્દ્રિય યુનિયન બજેટ ઉપર પ્રતિવર્ષ માર્ગદર્શક કાર્યક્રમ યોજે છે જે મુજબ કેન્દ્રિય યુનિયન (પોસ્ટ) બજેટના વિશ્લેષણના કાર્યક્રમનું આયોજન કરેલ છે. વધુમાં જણાવેલ કે, બજેટ જોગવાઈઓની છણાવટ નિષ્ણાતા વક્તાશ્રી જીગરભાઈ પટેલ દ્વારા સરળ ભાષામાં સમજણ અને માર્ગદર્શન આપવામાં આવશે તે ચેમ્બરના સર્વે સભ્યશ્રીઓને ખૂબજ ઉપયોગી અને સરળ નિવડશે. ત્યારપછી પ્રથમ સેશનમાં ઉપસ્થિત નિષ્ણાત કરવેરાના સલાહકાર વક્તા જીગરભાઈ પટેલને ચેમ્બરના પ્રમુખ બિપેન્દ્રસિંહ સી. જાડેજા, જાનગર બ્રાન્ચ ઓફ ડબલ્યુઆઈઆરસી ઓફ આઈસીએઆઈના માનદ્ ખજાનચી કિરીટભાઈ ભેડા, ઈન્કમટેક્સ પ્રેક્ટીશનર્સ એસો.ના પ્રમુખ સંજીવભાઈ બદ્ધ તથા ધી કોમર્શિયલ ટેક્સ પ્રેક્ટીશનર્સ એસો., જામનગરના ઉપપ્રમુખ રવિન્દ્રભાઈ માણેક વિગેરેએ પુષ્પગુચ્છ અર્પણ કરી આવકારેલ હતાં અને ચેમ્બર પ્રમુખ બિપેન્દ્રસિંહ સી. જાડેજાએ જીગરભાઈ મુકેશભાઈ પટેલને મોમેન્ટો અર્પણ કર્યો હતો.

સેમિનારના વક્તા જીગરભાઈ પટેલ વિશે સંસ્થાની કસ્ટમ અને સેન્ટ્રલ જીએસટી પેનલ ચેરમેન ભરતભાઈ ઓઝાએ વિશેષ પરિચય આપેલ અને જણાવેલ. જીગરભાઈ પટેલે ન્યુ યોર્ક સ્કૂલ ઓફ લો માંથી પોતાની કાયદાની ડીગ્રી મેળવેલ છે અને અમેરિકામાં ન્યુ યોર્ક યુનિવર્સિટીમાં ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ લીડરશીપ એવોર્ડ મેળવનાર પ્રથમ ભારતીય છે. તેઓ વિશ્વવિખ્યાત કંપનીઓના સલાહકાર તરીકે કાર્યરત છે. ઈન્કટેક્સ અને કોર્પોરેટ ટેક્સ વિષય પર અનેક ગુજરાતી અને અંગ્રેજી પુસ્તકોના સહલેખક રહેલા જીગરભાઈ પટેલ પ્રથમ વખત જામનગરમાં પોતાનું વક્તવ્ય આપવા માટે ચેમ્બરના આમંત્રણને માન આપી પધારેલ છે.

ત્યારપછી કેન્દ્રિય બજેટ ૨૦૧૯-૨૦ વિશે જીગરભાઈ પટેલે બજેટની વિવિધ જોગવાઈઓ વિશે છણાવટ કરતા જણાવેલ કે, બજેટ દર વર્ષે રજૂ થાય છે જે મુજબ આ વર્ષે બજેટ ભારતના ઈતિહાસમાં પ્રથમ વખત એક મહિલા નાણામંત્રીએ પૂર્ણ સ્વરૂપનું બજેટ વહી ખાતા સ્વરૂપે રજૂ કરેલ છે. બજેટમાં આગામી વર્ષમાં ભારતના વ્યાપાર-ઉદ્યોગનો વિકાસ થાય તે માટે ખાસ કરીને એમએસએમઈને વધુ પ્રાધાન્ય આપવું જોઈતું હતું. કોર્પોરેટ ટેક્સનો ૨૫ ટકાનો દર હવે રૂપિયા ૨૫૦ કરોડને બદલે ૪૦૦ કરોડ સુધીનું ટર્નઓવર ધરાવતી કંપનતીઓને લાગુ પડશે. આ રાહત ભાગીદારી પેઢીને પણ લાગુ પડે તો દરકેને અનુકૂળ રહે. પેટ્રોલ-ડીઝલ ઉપર પ્રતિલીટર રૂા. ૧ ની વધારાની એક્સાઈઝ ડ્યુટી, મુદ્રા યોજના હેઠળ મહિલાઓને રૂપિયા એક લાખ સુધીની લોન સહાય અને તેની ભારતની અર્થ વ્યવસ્થા ઉપર અસર વિગેરે અનેક બાબતો પર સરળ ભાષામાં માર્ગદર્શન આપ્યું હતું.

સમગ્ર સેમિનારનું સંચાલન સંસ્થાના માનદ્મંત્રી અક્ષતભાઈ વ્યાસે કરેલ હતું. આભારદર્શન સંસ્થાની ઈન્કમટેક્સ અને કોર્પોરેટ લોઝ પેનલ ચેરમેન કમલેશભાઈ રાઠોડે કરેલ હતું. સેમિનારમાં ચેમ્બરના સભ્યશ્રીઓ, કારોબારી સમિતિના સભ્યશ્રીઓ, વિવિધ અસોસિએશનના પ્રતિનિધિઓ, વેપારી તથા ઉદ્યોગકારશ્રીઓ અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ તથા ટેક્સ પ્રેક્ટીશનરો બહોળી સંખ્યામાં સેમિનારમાં ઉપસ્થિત રહી અંતમાં યોજાયેલ પ્રશ્નોત્તરીમાં સક્રિય ભાગ લઈ તેમના પ્રશ્નો રજૂ કરી જીગરભાઈ પટેલ પાસેથી માર્ગદર્શન મેળવેલ હતું.